# નઝરે સાદિક [અ.]

[ઈ. જાફરે સાદિક અ. ના કુંડાની નઝરનો કિસ્સો]

★

મૂલ્ય : ૨૦ ન. પૈસા

★

મુદ્રક :
જાફરઅલી રાઈટર
અલમદાર પ્રીં. પ્રેસ,
૧૬૭, જેલ રોડ ઈસ્ટ,
મુંબઈ ૯.

પ્રકાશક :
અલમદાર બુક ડીપો
૫૮, સેમ્યુઅલ સ્ટ્રીટ,
ખોજા મસ્જીદ પાસે,
પાલાગલી, મુંબઈ, ૯.

# નઝરે સાદિક [અ.]

## હ. ઈમામે જઅફરે સાદિક અ. ની નઝર—માનતાની પુરેપુરી વીગત.

રાવી લખે છે કે, મદીના શહેરમાં એક કઠીયારો પોતાની સ્ત્રી તથા નાના બચ્ચાઓ સાથે પોતાની ગરીબી હાલતમાં શહેરની બહાર એક ઝુંપડામાં રહેતો હતો.

તેનું દરરોજનું કામ જંગલમાંથી લાકડા કાપી તેનો ભારો બજારમાં લાવી વેચવાનું હતું. જે દિવસે તેનો લાકડાનો ભારો બજારમાં વેચાતો તે દિવસે તે પોતાના બાલ બચ્ચાઓ માટે બજારમાંથી ખાવા પીવાની ચીજો લઈ પોતાના ઝુંપડામાં જતો અને બાલ બચ્ચાઓ સાથે ખાતો અને અલ્લાહનો શુકર કરતો. પણ જે દિવસે લાકડાનો ભારો બજારમાં વેચાતો નહીં તે દિવસે પોતે તથા પોતાના બાલ બચ્ચાઓ ભુખ્યા સુઈ રહેતા. આવા દિવસો મહીનામાં ઘણા આવતા તેથી તે ગભરાઇ જતો.

એક દિવસે કઠીયારાએ વીચાર કર્યો કે, લાકડા કાપવા સિવાય મને બીજું કાંઇ કામ આવડતું નથી. અને લાકડાનો ભારો કોઈ દિવસે વેચાય છે અને કોઈ દિવસે વેચાતો નથી.

ત્યારે આવી મુસ્કેલીના દહાડા ક્યાં સુધી પસાર કરવા, વળી તે ઉપરાંત મેં કેટલેક ઠેકાણે સાંભળ્યું છે કે, એક શહેરમાં આપણને કોશીષ કરતા પુરતી રોઝી ન મળે, તો બીજા શહેરમાં જઇને કોશીષ કરવી; કે જેથી ખુદાંવંદે કરીમ રોઝી આપે. આવી જાતના વિચાર કરીને પોતાની સ્ત્રીને પોતાના વિચારો જણાવ્યા અને પોતાના નાના નાના બચ્ચાઓની સંભાળ રાખવાની ભલામણ કરી અને કહ્યું કે, આજેજ હું બીજા કોઇ શહેરમાં જઈ મહેનત મજુરી કરી તને ખરચીના પૈસા મોકલીશ. આમ કહીને તે મદીનામાંથી બીજે ગામ જવા નીકળ્યો.

કઠીયારો બીજા શહેરમાં પહોંચ્યો ત્યાં કોઇ ધરમશાળામાં ઉતર્યો. પછી ગામમાં કાંઇ કામકાજના બંદોબસ્ત માટે ગયો. જે જે ઠેકાણે ગયો ત્યાં તેને એવોજ સવાલ કરવામાં આવ્યો કે, તને કોઇ પણ જાતનું કામ આવડતું હોય તો અમે તને રાખીએ. ત્યારે કઠીયારો કહેતો કે, મને તો કોઇ પણ જાતનું કામ આવડતું નથી. છેવટે બે ચાર દીવસ કામકાજની તપાસ કરતા કાંઈ પણ કામ મળ્યું નહી, ત્યારે નિરાશ થઇને ધરમશાળામાં વિચાર કરતો બેઠો, કે મારે મારા બાલ બચ્ચાઓને કાંઈ મોકલવું જોઇએ. તેમજ મારૂં પણ ગુજરાન કરવું જોઇએ, છેવટે પોતાના અસલ ધંધા ઉપર વિચાર કરીને જંગલમાં લાકડા કાપવાનું શરૂ કર્યું, પણ નસીબ જોગે ત્યાં પણ લાકડાનો ભારો કોઇ દિવસે વેચાય



અને કોઈ દિવસે ન પણ વેચાય અને માંડ માંડ પોતાનું ભરણ પોષણ કરવા લાગ્યો. આવી રીતે દિવસો પસાર થયા પછી મહીનાઓ પસાર થયા છેવટે વરસો પસાર થયા. આવી હાલતમાં ન તો પોતાના બાલ બચ્ચાઓ માટે કાંઇ ખરચના પૈસા મોકલ્યા ન તો કોઈ સાથે કાંઈ પેગામ પોતાની સ્ત્રીને મોકલ્યો. અને જ્યારે પાછો મદીના શહેરમાં પોતાના બાલ બચ્ચાઓ સાથે રહેવાનો વિચાર કરતો ત્યારે તેને એકજ જાતતો વિચાર આવતો કે, આટલી મુદ્દત સુધી મેં કોઇ ખરચી મારા બાલ બચ્ચાઓને મોકલી નથી. તો શું મોઢું લઇને હું પાછો મદીના તરફ જાઉં.

હવે જે દિવસથી કઠીયારો મદીનાથી બીજે ગામ કમાવા નીકળ્યો, તેજ દિવસથી તેની સ્ત્રી પોતાના બચ્ચાઓનું ભરણ પોષણ ગામમાં કોઇનું કામ કરીને, છેવટે માંગી ભીખીને કરવા લાગી. જ્યારે દિવસો પસાર થયા, મહીનાઓ પસાર થયા, છેવટે વરસો પસાર થવા લાગ્યા ત્યારે તેની સ્ત્રીને વિચાર થવા લાગ્યો કે, યા અલ્લાહ! આ શું બાબત છે કે, મારો ખાવીંદ આટલી મુદ્દત વીતી ગયા પછી પણ તે પાછો આવ્યો નહિ, તેમ કોઇ પણ દિવસે મને ખરચીના પૈસા પણ મોકલ્યા નથી. અને કોઈની સાથે કાંઇ પેગામ પણ આવ્યો નહીં. ત્યારે તે મરી ગયો કે, જીવે છે તેની પણ ખબર નથી. એવા વિચારમાં ને વિચારમાં

પોતાના ઘરની બાજુમાં આમ તેમ આંટા મારે છે, એટલામાં એક નોકરડી તેની પાસે આવીને કહે છે કે, તને મારી બાઇ સાહેબ બોલાવે છે. (આ બાઈસાહેબ ત્યાંના બાદશાહના જુના વઝીરની સ્ત્રી હતી.) તે બીચારી ત્યાં ગઇ, ત્યારે વઝીરની સ્ત્રીએ પુછ્યું કે તું આમ દીવાનાની જેમ કેમ આંટા મારે છે? ત્યારે કઠીઆરણે પોતાના દુઃખની તમામ વાત કહી. ત્યારે તેને દયા આવી ને કહ્યું કે તારે આજથી મારા ઘરનું કામકાજ કરવું અને સાંજના ઘરે જતી વખતે તારા બચ્ચાઓ માટે ખાવાનું પણ અહીંથી લેતા જવું.

એક દિવસે કાઠીયારણ વઝીરના ઘરના દરવાજા પાસે ઝાડુ કાઢતા કાઢતા પીચાર કરતી હતી કે, યા અલ્લાહ આજે બાર બાર વરસ થયા મારા ધણીનો કાંઈ પણ પત્તો નથી. (આ વીચાર તેણીને રાત દીવસ મુંઝવ્યા કરતો હતો.) એટલામાં હઝરત ઈમામ જઅફરે સાદિક અ. પોતાના સાથીઓ સાથે તે રસ્તેથી પસાર થતા વઝીરના દરવાજા પાસે ઉભા રહ્યા. (કે જ્યાં કઠીયારણ ઝાડુ કાઢતી હતી) અને પોતાના સાથીઓને પુછ્યું કે, આ કયો મહીનો છે, ત્યારે સાથીઓએ જવાબ આપ્યો કે અય રસુલના ફરઝંદ, આ રજબ મહીનો છે, ત્યારે આપે બીજો સવાલ પુછયો કે, આજે કઇ તારીખ છે. ત્યારે સાથીઓએ જવાબ આપ્યો કે, આજે રજબ મહીનાની ૨૨ મી તારીખ છે.



ત્યારે હઝરત ઇમામ જઅફરે સાદિક અ. એ ફરમાવ્યું કે કોઇ પણ હાજતમંદ માણસ પોતાની હાજત પુરી કરવા માંગતો હોય તો આજના દિવસે પોતાની શકિત પ્રમાણે મેંદાના આટાની પુરીઓ તથા ખીર પકાવીને એ કુંડામાં ખીર ભરે અને એ કુંડામાં પુરીઓ રાખે. પછી અમારા નામથી ફાતેહા દઇને ખુદા તઆલાની બારગાહમાં જે કાંઈ પોતાની હાજત અને મુરાદો હોય તે માગે, તો ખુદા તઆલા તેની મુશ્કેલી દુર કરશે અને તેની તમામ હાજતો પુરી કરશે. અને તેની દુઆ કબુલ કરશે અને જો તેની દુઆ કબુલ નહીં થાય તો કયામતના દિવસે મારો દામન અને તેનો હાથ હશે. આટલું બોલીને હઝરત ઇમામ જઅફરે સાદિક અ પોતાના સાથીઓ સાથે રવાના થઈ ગયા.

જ્યારે ઈમામ અ. પોતાના સાથીઓ સાથે ઉપલી વાતો કરતા હતા ત્યારે કઠીયારણ આ વાતો ઘણીજ ધ્યાનથી સાંભળતી હતી અને બોલી કે, સુબ્હાનલ્લાહ આજે હઝરત ઇમામ જઅફરે સાદિક અ. અહીંયાથી પસાર થયા અને કેવી મહાન વાત કરી ગયા કે, જો કોઇની મુરાદ અને હાજત પુરી ન થાય તો કયામતના દિવસે મારો દામન અને તેનો હાથ હશે.

મારા ધણીને અહીંથી ગયાને ઘણા વરસો થઈ ગયા છે. ખબર નથી કે તે જીવતો છે કે મરી ગયો છે. આમ બોલીને કઠીયારણે હાથ ઉંચા કરીને ખુદાવંદે કરીમ પાસે દુઆ માંગી કે, અય ખુદાવંદે કરીમ હું તને હઝરત ઈમામ જઅફરે સાદિક

અ. નો વાસ્તો આપું છું કે, મારો ધણી જીવતો જાગતો કાંઇ કમાણી કરીને પાછો મદીનામાં આવે, તો હું પણ દર વરસે રજબ મહીનાની ૨૨ તારીખે નઝરે સાદિક અ. ની ન્યાઝ કરીશ.

હવે જે ગામમાં કઠીયારો છે તે તો બીચારો પોતાના દુઃખી દિવસો પુરા કરતો હતો. રજબ મહીનાની ૨૨ મી તારીખ હતી. તે દિવસે કઠીયારો પોતાના દુઃખી દિલે જંગલ તરફ લાકડા કાપવા રવાના થયો. હાથમાં કુહાડી લઇ એક સુકા ઝાડ ઉપર ચઢીને પોતાની કુહાડી મારી, તો તે કુહાડી તરતજ નીચે જમીન ઉપર પડી ગઈ. કઠીયારો નીચે જમીન ઉપર ઉતરી કુહાડી લેવા જાય છે તો પોતાની અજાયબી વચ્ચે જમીનમાં ખાડો પડી ગયેલ જુવે છે. તે ખાડામાં એક મોટો ખજાનો તેના જોવામાં આવ્યો. તરતજ કઠીયારાએ જમીન જરા વધારે ખોદીને તેમાંથી જેટલો પોતાથી લેવાય તેટલો ખજાનો લઈ ગામ તરફ ગયો. ગામમાંથી પોતાને જેટલો સામાન ખરીદ કરવાનો હતો તે ખરીદ કરીને પોતાના નોકર-ચાકરો સાથે વગર ઢીલે મદીના તરફ રવાના થયો. પોતાના બાલ-બચ્ચાઓને ઘણા વરસે મળવાની ઇન્તેઝારીમાં જેટલી બને તેટલી ઝડપથી મદીના શહેરના દરવાજા પાસે આવી લાગ્યો. તરતજ પોતાના નોકરને હુકમ કર્યો કે, મારા ઘરે જઇને મારી સ્ત્રીને ખબર આપો કે, હું આવી ગયેલ છું, અને સાથે આ કીમતી દાગીનો તથા કપડા પણ સાથે લેતા જાવ. નોકરે તો કઠીયારાના ઘરને ગોતી તેની સ્ત્રીને



આ બધો કીમતી સામાન આપી તેણીના ખાવીંદના આવવાના સમાચાર આપ્યા. કઠીયારણ તો આ સમાચાર તથા માલ મીલકત જોઇને તાજુબ થઈ ગઈ અને ફરીથી ખુદાવંદે કરીમના દરબારમાં હાથ ઉંચા કરીને બોલી કે, "અય ખુદા! મેં તને હઝરત ઇમામ જઅફરે સાદિક અ. નો વાસ્તો આપીને તારી પાસે દુઆ માંગી, તે કબુલ રાખી માટે તારો લાખ લાખ શુકરાનો માનું છું અને ફરીથી કહું છું કે, ફરઝંદે રસુલ ઇમામ જઅફરે સાદિકની કુંડાની નઝર રજબ મહીનાની ૨૨ મી તારીખે ઇન્શાઅલ્લાહ કરતી રહીશ. એટલામાં કઠીયારો પોતાના નોકર ચાકર સાથે આવી લાગ્યો અને પોતાની સ્ત્રી તથા બાળકોને ભેટી પડ્યો. તરતજ તેણે પોતાના નોકરોને હુકમ આપ્યો કે, આજ જમીન ઉપર પોતાને રહેવા માટે એક આલીશાન મકાન તૈયાર કરો. જોતજોતામાં મકાન પણ તૈયાર થઇ ગયું ને કઠીયારો અને તેનું કુટુંબ ઘણાજ આનંદથી રહેવા લાગ્યાં.

એક દિવસે કઠીયારો પોતાના કુટુંબ સાથે બગીચામાં બેઠો હતો ત્યારે તેની સ્ત્રીએ કઠીયારાને પુછ્યું કે, તમારી પાસે આટલો મોટો ખજાનો કયાંથી આવ્યો, ત્યારે કઠીયારાએ કહ્યું કે, મારી પાસે કાંઇ હતું નહીં, પણ તે દિવસ મને યાદ છે અને તેની તારીખ પણ યાદ છે, હું ન ભુલતો હોઉં તો તે રજબ મહીનાની ૨૨ મી તારીખ હતી. હું જંગલમાં લાકડા કાપવા ગયો હતો અને મને કુદરતે ખુદાથી આ ખજાનો હાથ લાગ્યો.

તરતજ તેની સ્ત્રીએ કહ્યું કે, બરાબર છે અને તમામ હકીકત નઝરે સાદિકની બયાન કરી અને કઠીયારાએ પણ દર વરસે ઇમામ જઅફરે સાદિક અ. ની કુંડાની નિયાઝ કરવાની પોતાની ઉમેદ દેખાડી.

મદીના શહેરના બાદશાહના બે વઝીર હતા. એક જુનો અને એક નવો. આ બેઉ વઝીરને એક બીજા સાથે બનતું નહોતું અને નવો વઝીર જુના વઝીર સામે દુશ્મનાઈ બહુજ રાખતો હતો, પણ નવો વઝીર ઇમાનદારીથી કામ કરતો હતો. તેથી તેની ઉપર ખુદાની મહેરબાની હતી. તેથી જુના વઝીરનું કાંઇ ચાલતું નહતું. એક વખત જુના વઝીરની સ્ત્રી (કે જેની પાસે કઠીયારણ નોકર તરીકે રહેલી હતી.) પોતાના મકાનની અગાસી ઉપર શહેરના મોટા મકાનો જોતી હતી. તેવામાં તેની નજરે કઠીયારાનું આલીશાન મકાન દેખાણું. તેની સખીને પુછ્યું કે, આ આલીશાન મકાન કોનું છે, ત્યારે એક સખીએ જવાબ આપ્યો કે. આપને ત્યાં જે કઠીયારણ ઝાડું મારતી હતી તેનું આ મકાન છે. તરતજ વઝીરની સ્ત્રીએ કહ્યું કે, તેને મારી પાસે લઇ આવો. તરતજ કઠીયારણ પાસે વઝીરની સ્ત્રીની નોકરડી ગઇ, ને કહ્યું કે આપને મારી બાઈસાહેબ યાદ કરે છે. કઠીયારણ ભુલી નહોતી ગઇ, તેના દુઃખના વખતમાં આજ બાઇ સાહેબે તેને આશરો આપ્યો હતો. તરતજ કઠીયારણ વઝીરના ઘરે ગઈ ને ઉભી રહીને પુછ્યું કે, ફરમાવો શું હુકમ છે? વઝીરની સ્ત્રીએ તેને ઇઝઝત



અને માનથી પોતાની પાસે બેસાડી અને પુછ્યું, તમને આટલો મોટો ખઝાનો ક્યાંથી મળ્યો, ત્યારે કઠીયારણે પોતાના ધણીને ખઝાનો કેવી રીતે મળ્યો, માનતા કેવી રીતે ફળી તેનું તમામ બયાન કર્યું પછી પોતાને ઘરે પાછી આવી.

રાતના જ્યારે વઝીર પોતાને ઘરે ગયો ત્યારે તેની સ્ત્રીએ કઠીયારણની માનતાથી તેના ધણીને ખઝાનો કેવી રીતે મળ્યો તેની બધી વાત કરી, ત્યારે વઝીરને અને તેની સ્ત્રીને બદગુમાન પેદા થયો કે, આ બધી વાત બનાવટી છે. જરૂર કોઈ ઠેકાણેથી કઠીયારો ચોરી કરીને માલ મીલ્કત લાવ્યો છે. બાકી આવી માનતાથી કે ફાતીહાથી શું થવાનું છે. બીજે દિવસે સવારે પોતાના દરરોજના નીયમસર બાદશાહની કચેરી જવા ઘરથી નીકળ્યો, અને તે કચેરીમાં પહોંચે તેની અગાઉ તો નવો વઝીર જે તેનો દુશ્મન હતો તેણે બાદશાહને એવું ઉંધું સીધું સમજાવ્યું કે જુનો વઝીર નાણાંની ઉચાપત ઘણી કરે છે. જો આપ નામદાર હુકમ આપો તો હું તેની પાસેથી બધો હીસાબ કીતાબ માંગું. બાદશાહે હુકમ કર્યો કે ભલે. એટલામાં તો જુનો વઝીર કચેરીમાં દાખલ થયો અને બાદશાહે જુના વઝીરને કહ્યું કે, નવા વઝીરને તમામ હીસાબ કીતાબ આપો. હુકમ પ્રમાણે જુના વઝીર પાસેથી નવા વઝીરે તમામ હીસાબ ચોપડા લઇને બાદશાહને એવી રીતે સમજાવ્યું કે, તમામ હીસાબ ચોપડામાં ખોટો છે. બાદશાહે તો કોઇ પણ જાતની

તપાસ કર્યા વગર નવા વઝીરનું સાંભળી જુના વઝીરને દેશપાર કરવાનો હુકમ કર્યો. અને તેની માલ મીલ્કત જપ્ત કરી ગામમાંથી બહાર કાઢી મુકયો. વઝીર અને તેની સ્ત્રી પોતાના પહેરેલા કપડે ગામની બહાર જંગલમાં આવી પહોંચ્યા. ત્યાં તેને એક કલીંગરવાળો મળ્યો અને વઝીરને કલીંગર ખાવાની ઇચ્છા થઈ ત્યારે તેની સ્ત્રીને પુછ્યું કે તારી પાસે કાંઈ પૈસા છે, ત્યારે તેણીએ જવાબ આપ્યો કે મારી પાસે બે દીરહમ છે, ત્યારે વઝીરે આ બે દીરહમ લઇને કલીંગર લીધું ને પોતાના રૂમાલમાં બાંધી લીધું રાત પડી ગઈ હતી એટલે ત્યાંજ સુઇ રહ્યાં.

મદીનામાં બાદશાહનો છોકરો શિકારે ગયો હતો અને રાત પડી છતાં તે આવ્યો નહીં, એટલે આખા મદીનામાં હોહાકાર થઇ ગયો. બાદશાહ પણ ફીકરમાં પડી ગયો. એટલામાં તો નવો વઝીર બાદશાહની ખીદમતમાં હાજર થયો, બાદશાહે પુછ્યું કે હવે શું કરવું તરતજ નવા વઝીરે પોતાનો દાવ અજમાવ્યો અને બાદશાહને કીધું કે, મને લાગે છે કે જુના વઝીરને આપે દેશવટો આપ્યો એટલે તેણે જંગલમાં રાજકુમારને મારી નાખ્યો હશે માટે આપ હુકમ કરો તો તેને પકડાવી મંગાવું. તરત જ રાતોરાત સવારોને મોકલી જુના વઝીરને અને તેની સ્ત્રીને જંગલમાં સુતા હતા ત્યાંથી હાજર કર્યા. વઝીર પાસે આગલા દિવસનું જે કલીંગર ખરીદેલું હતું તે પણ તેની સાથે રૂમાલમાં બાંધેલું હતું. બાદશાહે વઝીરને પુછ્યું કે, તેં રાજકુમારને



જંગલમાં મારી નાખ્યો છે માટે બતાવ તેનું શબ કયે ઠેકાણે છે? વઝીરે જવાબ આપ્યો કે બાદશાહ સલામત હું આવું નીચ કામ કરૂં નહીં અને કર્યું પણ નથી. ત્યારે બાદશાહે કહ્યું કે, આ તારા હાથમાં શું છે? વઝીરે કહ્યું કે કલીંગર છે. તરત જ બાદશાહે તેનું પોટકું છોડી ને જુએ છે તો કુદરતે ખુદા બાદશાહની નઝરથી કુમારનું માથુ દેખાય છે. તરત જ વઝીર અને તેની સ્ત્રીને જેલખાને મોકલી દીધાં. વઝીર અને તેની સ્ત્રી જેલમાં બેઠા બેઠા વીચાર કરવા લાગ્યા કે, આપણે એવો કયો ગુન્હો કર્યો છે કે ખુદાવંદે કરીમ આપણને આ હાલતે પહોંચાડ્યા છે, ત્યારે વઝીરની સ્ત્રી બોલી કે આપણે બીજો કોઈ ગુન્હો કર્યો નથી પણ એક ગુન્હો કરેલ છે, તે એ કે આપણે હઝરત ઇમામ જઅફરે સાદિકની નઝરની વાત ખોટી માની અને કઠીયારા ઉપર આપણે બદગુમાની લઇ ગયા, તેથી જ આપણે આ બલામાં ફસાણા છીએ. વઝીરે પણ આ વાતને કબુલ કરી અને બેઉ જણાએ તૌબા કરી. ખુદાવંદે કરીમ પાસે દુઆ માગી કે અય ખુદા! અમે તને હઝરત ઇમામ જઅફરે સાદિકનો વાસ્તો આપીને કહીએ છીએ કે, જો તું આ બલામાંથી અમને છોડવશે તો અમે પણ દર વરસે હઝરત ઇમામ જઅફરે સાદિકના નામની નઝર કરીશું.

આવી રીતે જેલમાં વઝીર અને તેની સ્ત્રી આખી રાત તૌબા કરવામાં તથા તેઓએ કરેલી બદગુમાનીનો પસ્તાવો કરવામાં ગુજારી. ત્યારે બાદશાહે પોતાના દીકરાની ફિકરમાં

જંગલમાં મારી નાખ્યો છે માટે બતાવ તેનું શબ કયે ઠેકાણે છે? વઝીરે જવાબ આપ્યો કે બાદશાહ સલામત હું આવું નીચ કામ કરૂં નહીં અને કર્યું પણ નથી. ત્યારે બાદશાહે કહ્યું કે, આ તારા હાથમાં શું છે? વઝીરે કહ્યું કે કલીંગર છે. તરત જ બાદશાહે તેનું પોટકું છોડી ને જુએ છે તો કુદરતે ખુદા બાદશાહની નઝરથી કુમારનું માથુ દેખાય છે. તરત જ વઝીર અને તેની સ્ત્રીને જેલખાને મોકલી દીધાં. વઝીર અને તેની સ્ત્રી જેલમાં બેઠા બેઠા વીચાર કરવા લાગ્યા કે, આપણે એવો કયો ગુન્હો કર્યો છે કે ખુદાવંદે કરીમ આપણને આ હાલતે પહોંચાડ્યા છે, ત્યારે વઝીરની સ્ત્રી બોલી કે આપણે બીજો કોઈ ગુન્હો કર્યો નથી પણ એક ગુન્હો કરેલ છે, તે એ કે આપણે હઝરત ઇમામ જઅફરે સાદિકની નઝરની વાત ખોટી માની અને કઠીયારા ઉપર આપણે બદગુમાની લઇ ગયા, તેથી જ આપણે આ બલામાં ફસાણા છીએ. વઝીરે પણ આ વાતને કબુલ કરી અને બેઉ જણાએ તૌબા કરી. ખુદાવંદે કરીમ પાસે દુઆ માગી કે અય ખુદા! અમે તને હઝરત ઇમામ જઅફરે સાદિકનો વાસ્તો આપીને કહીએ છીએ કે, જો તું આ બલામાંથી અમને છોડવશે તો અમે પણ દર વરસે હઝરત ઇમામ જઅફરે સાદિકના નામની નઝર કરીશું.

આવી રીતે જેલમાં વઝીર અને તેની સ્ત્રી આખી રાત તૌબા કરવામાં તથા તેઓએ કરેલી બદગુમાનીનો પસ્તાવો કરવામાં ગુજારી. ત્યારે બાદશાહે પોતાના દીકરાની ફિકરમાં

આખી રાત પસાર કરી. બીજે દિવસે સવારના બાદશાહ ગમગીન ચહેરે પોતાના મહેલમાં બેઠો હતો ત્યારે તેની બેહદ અજાયબી વચ્ચે રાજકુમાર તેની સામે આવીને ઉભો અને તઅઝીમ કરી. તરત જ બાદશાહ ઉભો થઇને પોતાના દીકરાને ભેટી પડયો અને પુછ્યું કે, બેટા આખી રાત તું કયાં હતો? કુમારે જવાબ આપ્યો કે બાદશાહ સલામત ગઈ કાલે હું શિકાર પર ગયો હતો અને સાંજના પાછા ફરતા જંગલમાં હું રસ્તો ભુલી ગયો એટલે રાત હું જંગલમાં સુઇ રહ્યો. સવાર પડતા હું આપની ખીદમતમાં હાજર થયો. ત્યારે બાદશાહે વિચાર કર્યો કે, વઝીરના હાથમાં મેં રાજકુમારનું માથું રૂમાલમાં બાંધેલું જોયું તે શું ખોટુ હતું?!

તરત જ બાદશાહ પોતાના કુંવર સાથે જેલખાનામાં ગયો અને પહેલા તો વઝીર પાસે જે રૂમાલનું પોટકું હતું તે જોયું તો પોતાની બેહદ અજાયબી વચ્ચે રૂમાલમાં કુમારના માથાના બદલે કલીંગર નીકળ્યું. બાદશાહે વઝીરને પુછ્યું કે, આ શું બાબત છે, ત્યારે વઝીરે કહ્યું, આ મારી બદગુમાનીનું પરિણામ છે, પછી વઝીરે બાદશાહને પહેલેથી છેવટ સુધી જેવી કે કઠીયારો, તેની સ્ત્રી, ઈમામ જઅફરે સાદિકની નઝર, કઠીયારાને મળેલ ખજાનો, પોતે તથા પોતાની સ્ત્રીની બદગુમાનીનું ફળ, જંગલમાં કલીંગર ખરીદવું, બાદશાહની આંખથી કલીંગરના બદલામાં કુંવરનું માથું દેખાવું, જેલખાનામાં તૌબા, નઝરે સાદિકની માનતા કરવી વીગેરે તમામ હકીકત બાદશાહને સમજાવી. બાદશાહ પણ ઘણોજ ખુશ થયો અને પોતે નઝરે સાદિકની માનતા

માની. જુના વઝીરને અસલ જગ્યા આપીને નવા વઝીરને દેશપાર કરવાનો હુકમ આપ્યો. "સલવાત"

## નિયાઝનો તરીકો.

જે જગ્યા ઉપર નિયાઝ ખવરાવવી હોય તે જગ્યા ધોઇને પાક કરવી અને તેની ઉપર દસ્તરખાન બીછાવીને ચાંર કુંડા રાખવા. તેમાં બે કુંડામાં ખીર રાખવી અને બે કુંડામાં પુરીઓ રાખવી. સવારની નમાઝ બાદ લોબાન અગરબત્તી સળગાવી પહેલે આખો કિસ્સો વાંચી જવો પછી હઝરત ઇમામ જઅફરે સાદીક અ. ના નામ ઉપર ફાતેહા આપી તેનો સવાબ તેઓની આલ ઓલાદને મળે તેવી દુવા કરવી, બાદ માનતા માનનારે પોતાની જે કાંઈ હાજત હોય તે હઝરત ઇમામ જઅફરે સાદીક અ. નો વાસ્તો આપી ખુદા પાસે દુવા માંગવી તો ઈન્શાઅલ્લા તેની તમામ મુરાદ બર આવશે.

નિયાઝની ચીજો બનાવનાર બહેનો અથવા ભાઇઓએ નજાસતથી દુર રહેવું અને કોઈ પણ જાતની નજાસત હોય તો તેઓને તે જગ્યા ઉપર આવવું નહીં.

નિયાઝનું પ્રમાણ ઓછામાં ઓછું સવા સેર આટાની પુરીઓ તથા સવા શેર દુધની ખીર, ચાર માટીના કુંડા લોબાન અગરબત્તી ફુલ વીગેરે અને વધારેમાં વધારે પોતાની શકિત મુજબ લેવું.

★

# મવલા અલી આવો મદદ કે લીયે

અય શહે આલી મકામ, આવો મદદ કે લીયે,
વારિસે ખયરૂલ અનામ, આવો મદદ કે લીયે.

ગમસે હય દિલ અબ મલુલ, અય દિલો જાને રસુલ,
એકસો કે આવો કામ, આવો મદદ કે લીયે.

દામે બલામેં ફંસે, ગમસે અજબ હાલ હય,
કયા કરે શાહે અનામ, આવો મદદ કે લીયે.

ફાતેમાકા વાસ્તા શબ્બરો શબ્બીરકા,
દુશ્મનોંસે દો અમાં, આવો મદદ કે લીયે.

આબિદો બાકિરકા અબ, વાસ્તા દેતે હંય સબ,
હલ કરો મુશ્કિલ તમામ, આવો મદદ કે લીયે.

મુસીએ કાઝિમ કા અબ, સદકા અમીરે અરબ,
સુન લો યે સબ કા કલામ, આવો મદદ કે લીયે.

મેહરે રઝાઓ તકી, આપસે હંય મુલ્તજી,
દુ:ખમેં હંય હર ખાસો આમ, આવો મદદ કે લીયે.

બેહરે નકી અસ્કરી, હલ કરો મુશ્કિલ મેરી,
દેર ન હો યા ઇમામ, આવો મદદ કે લીયે.

મેહદીએ દીં કે લીયે, દુઃખસે છુડા દીજીએ,
ખુશ રહે શીઆ મુદામ, આવો મદદ કે લીયે.

વાસ્તા અબ્બાસ કા, અય શહે હર દો-સરા,
હલ કરો ઉકદે તમામ, આવો મદદ કે લીયે.

વાસ્તે બેશીરકે, જલ્દ મદદ કીજીયે,
વરના હય કિસ્સા તમામ, આવો મદદ કે લીયે.

★

H. R. ALIDINA
P.O. BOX NO. 504
TANGA
T. T.

# શું તમે અલમદાર માસિકના ગ્રાહક છો ?

## જો ન થયા હો તો.....

દીને હકના હિમાયતી

# અલમદાર

માસિકના

આજે જ ગ્રાહક બનો

દર અંગ્રેજી મહિનાની ૧૨મી તારીખે પ્રગટ થાય છે.

વાર્ષિક લવાજમ :

| | | |
|---|---|---|
| ભારત | રૂા. | ૩ |
| પાકિસ્તાન | રૂા. | ૪ |
| પરદેશ | શી. | ૮ |

અલમદાર કાર્યાલય
૫૮, સેમ્યુઅલ સ્ટ્રીટ,
ખોજા મસ્જીદ પાસે,
પાલાગલી, મુંબઈ, ૯.